# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24/01/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **દાવોસ ખાતે વિશ્વ આર્થિક મંચમાં વૈશ્વિક રોકાણકારોના વિશ્વાસના પ્રતીક તરીકે ગુજરાત અગ્રેસર રહ્યું.**
2. **રાજ્યમાં ઇકો ટુરિઝમથી વન્યજીવ સૃષ્ટિને કોઈ નુકસાન કે ખલેલ ન થાય તે માટે મુલાકાતી માર્ગદર્શિકા તૈયાર કરાશે.**
3. **અમરેલીમાં સાયબર ફ્રોડ કેસમાં નાઇજીરીયન મહિલાને 7 વર્ષની કેદ.**
4. **મન કી બાત કાર્યક્રમ ની 130મી કડીમાં આવતીકાલે પ્રધાનમંત્રી પોતાના વિચારો રજૂ કરશે.**
5. **ગીર સોમનાથમા યોજાયેલ અંડર-17 ગર્લ્સ રાષ્ટ્રીય હેન્ડબોલ સ્પર્ધામાં ગુજરાત ચેમ્પિયન બન્યું.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# HARSH SANGHVI DAVOS

વિશ્વ આર્થિક મંચ 2026 માં વૈશ્વિક રોકાણકારોના વિશ્વાસના પ્રતીક તરીકે ગુજરાત અગ્રેસર રહ્યું છે. દાવોસમાં ગુજરાતનો ડંકો વાગ્યો છે. દાવોદમાં રોકાણ માટે ગુજરાત મજબૂત દાવેદાર તરીકે ઉભરી આવ્યુ છે. 19 થી 23 જાન્યુઆરી દરમિયાન વર્લ્ડ ઇકોનોમિક ફોરમની વાર્ષિક બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાતના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે વિશ્વભરના અગ્રણી ચેરપર્સન, **CEO**, રોકાણકારો અને બહુપક્ષીય સંસ્થાઓ સાથે 58થી વધુ મહત્વપૂર્ણ બેઠકો યોજી હતી.

## (બાઈટ – હર્ષ સંઘવી)

આ બેઠકો થકી વિવિધ ક્ષેત્રોમાં રોકાણ માટે ભારતના સૌથી વિશ્વસનીય અને પ્રગતિશીલ રાજ્ય તરીકે ગુજરાતે પોતાનું સ્થાન વધુ મજબૂત કર્યું છે.આ પાંચ દિવસીય વૈશ્વિક મંચ દરમિયાન, ગુજરાતે મજબૂત ઔદ્યોગિક પાયો, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નવીનતા આધારિત આર્થિક વિકાસનું વિઝન રજૂ કર્યું હતું.

પ્રતિનિધિમંડળે ઉદ્યોગ જગતના અગ્રણીઓ સાથે ચર્ચા કરતા જણાવ્યું હતું કે, ગુજરાત નેક્સ્ટ જનરેશન ઉદ્યોગો, એડવાન્સ મેન્યુફેક્ચરિંગ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, ક્લીન એનર્જી અને ફ્યુચર ટેક્નોલોજી માટે સંપૂર્ણ સજ્જ છે.

---

# WILD LIFE MEETING

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું છે કે , ઇકો ટુરિઝમથી વન્યજીવ સૃષ્ટિને કોઈ નુકસાન કે ખલેલ ન થાય તે માટે મુલાકાતી માર્ગદર્શિકા તૈયાર કરાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગુજરાત રાજ્ય વન્યજીવ બોર્ડની બેઠક અંગે માહિતી આપતા , તેમણે કહ્યું કે , રાજ્યમાં વાઘના આગમન બાદ તેના સંરક્ષણ અને સંવર્ધન માટે વન વિભાગ સજ્જ છે. રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સત્તામંડળ-**NTCA**ની સહભાગીતાથી વાઘ સંરક્ષણ-જતન માટેની સામૂહિક ભાગીદારી તાલીમ સ્થાનિક લોકોને અપાશે.

આ ઉપરાંત દીપડાઓ માટે અભયારણ્ય નજીકના ભવિષ્યમાં સુનિશ્ચિત કરાશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

## બાઈટ : અર્જૂન મોઢવાડિયા, વન અને પર્યાવરણ મંત્રી

---

# AMRELI – CYBER FRAUD

અમરેલીની અદાલતે સાયબર છેતરપિંડીના કેસમાં ઐતિહાસિક ચુકાદો આપતાં નાઇજીરીયાની મહિલાને 7 વર્ષની કેદની સજા કરી છે. આ મહિલાએ સોશિયલ મીડિયાના માધ્યમથી ભેટ આપવાના બહાને અમરેલીના એક વ્યક્તિ સાથે 14 લાખ રૂપિયાથી વધુની છેતરપિંડી કરી હતી.

આ અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે , આ ચુકાદો સાયબર ગુનેગારો માટે એક કડક ચેતવણી સમાન છે. કાયદા રાજ્ય મંત્રી કૌશિક વેકરિયાએ કહ્યું, મજબૂત તપાસ અને અસરકારક કાયદાકીય રજૂઆતને કારણે આ ઐતિહાસિક સજા શક્ય બની છે.

---

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ **130**મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---

# SVANIDHI BENEFICIARY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે શેરી ફેરિયાઓને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ સાથે અમલી પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ યોજના અંતર્ગત પીએમ સ્વનિધિ ક્રેડિટ કાર્ડનો શુભારંભ કર્યો.

શ્રી મોદીએ કેરળના તિરુવનંતપુરમ ખાતેથી એક લાખ લાભાર્થીઓને પીએમ સ્વનિધિ સહાયનું પણ વિતરણ કર્યું. આ અંગે સુરતના એક લાભાર્થીએ પ્રતિક્રિયા આપી.

## બાઇટ : લાભાર્થી

---

# BJP G RAMJI

પ્રધાનમંત્રી નરેન્્ર મોદીના નેતૃત્વમાં શ્રમેવ જયંતેના મંત્ર સાથે વિકસિત ભારત જી રામજી યોજનાનો આરંભ થવા જઈ રહ્યો છે . જે અંતર્ગત જી રામજી જન જાગરણ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે .

ગુજરાત પ્રદેશ ભાજપના પ્રવક્તા ડોક્ટર અનિલ પટેલે જણાવ્યું કે , આ યોજનાને કારણે વિકસિત ગામ અને વિકસિત રાજ્ય બનશે. જી રામજી યોજનાને કારણે ખેડૂતોને લાભ થશે, મનરેગાની ત્રુટીઓ દૂર કરી લોકોની વચ્ચે યોજના લઈ જવાશે..

## બાઈટ - ડો.અનિલ પટેલ, મુખ્ય પ્રવક્તા, પ્રદેશ ભાજપ

---

# GUJ TEXTILES POLICY

ગુજરાત સરકાર દ્વારા ટેક્સટાઇલ ઉદ્યોગના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને અમલમાં મુકાયેલી નવી ટેક્સટાઇલ પોલિસી **2024**માં કરવામાં આવેલા તાજેતરના સુધારાઓને ટેક્સટાઇલ એસોસિએશને આવકાર્યા છે.

ટેક્સટાઇલ એસોસિએશનના ચેરમેન અશ્વિન ઠક્કરે જણાવ્યું કે, મહાનગર વિસ્તારોમાં નોન પોલ્યુટિંગ યુનિટોનું મંજૂરી આપવાનો સરકારનો નિર્ણય ઐતિહાસિક છે.

## બાઇટ- અશ્વિન ઠક્કર, પ્રમુખ, ટેક્ષટાઇલ્સ એસોસિએસન

આ પગલાથી નાના અને મધ્યમ કદના યુનિટોને સરકારની વિવિધ સહાય યોજનાઓનો લાભ મળશે અને રાજ્યના ટેક્સટાઇલ ઉદ્યોગને નવી દિશા અને વેગ મળશે.

---

# BSF ROJGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે 18માં રોજગાર મેળા અંતર્ગત દેશભરના 61 હજાર યુવાનોને નિમણૂંક પત્ર એનાયત કરશે. આ પ્રસંગે ગાંધીનગરના **BSF** હેડક્વાર્ટર ખાતે કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયા ઉપસ્થિત રહેશે.

---

# RAJKOT - KUTCH – 26TH JANUARY

**77મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે કચ્છના ધોરડોમાં ખાદીમાંથી બનાવેલ સૌથી મોટો રાષ્ટ્રધ્વજ પ્રદર્શિત કરાશે. આ પ્રસંગે, ભારતીય સેના અને સરહદ સુરક્ષા દળના સૈનિકો દ્વારા રાષ્ટ્ર ધ્વજને સલામી આપવામાં આવશે.**

**આ કાર્યક્રમમાં ગ્રામોદ્યોગ વિકાસ યોજના હેઠળ કારીગરોને મશીનો અને ટૂલકિટનું વિતરણ કરાશે.**

**રાજકોટના જેતપુરમાં પ્રભારીમંત્રી જીતુ વાઘાણીના હસ્તે ધ્વજવંદન કરાશે. જેના ભાગરૂપે ગઈકાલે રિહર્સલ યોજાયું હતું.**

---

# WEATHER

રાજ્યમાં ગઈકાક રાત્રીની ઠંડીનું પ્રમાણ વધુ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર લઘુત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે. જોકે ત્યારબાદ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો વધારો થતાં ઠંડીમાં ઘટાડો થશે અને ગરમીનો અનુભવ થવાની આગાહી છે.

---

## HAND BALL GUJ CHAMPION

**સોમનાથમાં પ્રથમ વખત ‘ સદભાવના મેદાન’ ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં પંજાબને હરાવી ગુજરાત અંડર-17 ગર્લ્સ ટીમ રાષ્ટ્રીય હેન્ડબોલ સ્પર્ધાનું ચેમ્પિયન બન્યું છે.**

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને રમતગમત, યુવા, સાંસ્કૃતિઓ વિભાગના સહયોગથી 69મી સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજીત રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં વિવિધ રાજ્યોના 600 ખેલાડીઓએ પોતાનું કૌશલ્ય દાખવ્યું હતું. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના આંગણે પ્રથમ વખત રાષ્ટ્રીય હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ હતી.

જેમાં પશ્ચિમ બંગાળ, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, તેલંગાણા, તમિલનાડુ, રાજસ્થાન, પંજાબ, મણીપુર, મધ્યપ્રદેશ, કેરળ, કર્ણાટક, ઝારખંડ, જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશના ખેલાડીઓએ પોતાનું કૌશલ્ય દાખવ્યું હતું.

## બાઈટ - બંસી ચૌધરી, ગુજરાતના ખેલાડી

---

## CRICKET-T20

T-20 ક્રિકેટ શ્રેણીની ગઈકાલે રાયપુરમાં રમાયેલી બીજી મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને સાત વિકેટથી પરાજય આપ્યો છે.

ભારતે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બેટિંગ કરતા ન્યૂઝીલેન્ડે નિર્ધારિત 20 ઓવરમાં છ વિકેટે 208 રન બનાવ્યા. જવાબમાં , ભારતે 15 ઓવર અને 2 બોલમાં ત્રણ વિકેટે 209 રન બનાવીને વિજયનો લક્ષ્યાંક હાંસલ કર્યો. કેપ્ટન સૂર્યકુમાર યાદવે અણનમ 82 રન જ્યારે ઇશાન કિશને 32 76 રન કર્યા. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

ભારત પાંચ મેચની શ્રેણીમાં **2-0**થી આગળ છે. શ્રેણીની ત્રીજી મેચ આવતીકાલે ગુવાહાટીમાં રમાશે.

---

# STEM QUIZ

ગુજરાત વિજ્ઞાન અને ટેકનોલોજી પરિષદ દ્વારા યોજાઇ રહેલી ચોથા તબક્કાની રાષ્ટ્રીય વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત- **STEM** ક્વિઝ સ્પર્ધામાં ભાગ લેવા હવે ત્રણ દિવસ બાકી છે.

વિદ્યાર્થીઓ આગામી 26 જાન્યુઆરી સુધીમાં કોઈપણ સ્થળેથી સ્પર્ધા માટે એક કલાકની પરીક્ષા આપી શકશે. સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓ દોઢ લાખની **STEM** મેરીટ શિષ્યવૃત્તિ અને ઇનામો અપાશે.

સ્પર્ધાનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક સ્વભાવ, વિશ્લેષણાત્મક વિચારસરણી અને નવીનતાને પ્રોત્સાહન આપવાનો છે.

---